સદભાગ્ય હંમેશા પરિશ્રમની સાથે અને પાછળ જ હોય છે
- ગોલ્ડ સ્મિથ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૮૦ | ૩૧ મે, ૨૦૧૩, શુક્રવાર; વૈશાખ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર મેડીકલ કોલેજનું ઈન્સ્પેકશન

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મેડીકલ કોલેજમાં દ્વિતીય વર્ષના અભ્યાસક્રમ માટે ગુજરાત યુનિવર્સિટી સાથેના જોડાણને લઈ આજે યુનિવર્સિટીની ઈન્સ્પેકશન ટીમ ગાંધીનગર આવી હતી.

ડૉ. ભરતભાઈ શાહના નેતૃત્વમાં ત્રણ સભ્યોની ટીમ આજે સવારે ગાંધીનગર કોલેજ ખાતે આવી પહોંચી હતી. ટીમે કોલેજ સંકુલ તેમજ હોસ્ટેલ સંકુલ અને હોસ્પિટલની ઉપલબ્ધ સુવિધાઓ સહિતની બાબતો અંગેની ચકાસણી કરી હતી. આ ઉપરાંત સ્ટાફ પેટર્ન અંગે પણ વિગતો મેળવી અને તેની વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

હવે આ ઈન્સ્પેકશન ટીમ પોતાનો અહેવાલ યુનિવર્સિટીને આપશે અને ત્યારબાદ યુનિ. તે અંગેના જોડાણને મંજૂરી આપશે.

ગાંધીનગર મેડીકલ કોલેજના દ્વિતીય વર્ષ અંગેની મંજૂરી માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમે ઈન્સ્પેકશન કરી લીધું છે. મેડીકલ કાઉન્સીલની ટીમે કોલેજમાં ૧૩ પ્રોફેસરોની ઘટ હોવા અંગે કોલેજ પાસે ખુલાસો માંગ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મેડીકલ કાઉન્સીલે માંગેલી પૂર્તતાઓનો પ્રત્યુત્તર આગામી સપ્તાહમાં કોલેજ સત્તાવાળાઓ રજુ કરે તેવી સંભાવનાઓ છે. જો કે કોલેજ સત્તાવાળાઓનું સ્પષ્ટ માનવું છે કે મેડીકલ કાઉન્સીલે આપેલી છુટછાટોને ધ્યાને લેતાં સ્ટાફમાં કોઈ ઘટ પ્રવર્તી નથી. હાલ કોલેજ પાસે ૧૦૫ જેટલા તબીબી અધ્યાપકો ઉપલબ્ધ છે.

મેડીકલ કોલેજ દ્વારા પ્રત્યુત્તર પાઠવવામાં આવ્યા બાદ કાઉન્સીલ દ્વારા મંજૂરી અંગેનો નિર્ણય લેવામાં આવશે.

મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે ગત વર્ષે પણ જૂન માસના અંતિમ દિવસોમાં કોલેજને મંજૂરી મળી હતી અને આ વર્ષે પણ મંજૂરી જૂન મહિનામાં જ મળી જશે.

કોલેજ અને કાઉન્સીલ વચ્ચે સંઘર્ષ થવાની શકયતાઓનો શૈક્ષણિક જગતના સૂત્રો ઈન્કાર કરી રહ્યા છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર મેડીકલ કોલેજને આગામી દિવસોમાં પોતાનું સંકુલ પ્રાપ્ત થઈ જતાં બધી જ સમસ્યાઓનો અંત આવી જશે. સ્ટાફ પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

## ગાંધીનગરમાં હવે નેવીએ પણ હેડક્વાર્ટર બનાવવા જગ્યા માંગી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં હવે નેવીના ગુજરાત ઈન્ચાર્જ દ્વારા પણ જમીનની માંગણી કરવામાં આવી છે અને તે માટે જિલ્લા સત્તાવાળાઓએ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર ખાતે નેવીનું હેડક્વાર્ટર બનાવવા માટે ૨૦ એકર જેટલી જમીનની માંગ કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા જે રીતે બંદરોના વિકાસ માટે પગલાં લેવામાં આવી રહ્યા છે તેમજ રાજ્યની દરિયાઈ સરહદ પર સુરક્ષાની જવાબદારી પણ નેવી સંભાળી રહી છે ત્યારે રાજ્ય સરકાર સાથે સુયોગ્ય સંકલન જળવાઈ રહે તે માટે આ જમીન ફાળવવા માંગ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં એરફોર્સ, બી.એસ.એફ., સી.આર.પી.એફ., એસ.આર.ફી. ને જમીન ફાળવવામાં આવી છે. આ ઉપરાંત કોસ્ટગાર્ડની કચેરી માટે પણ જગ્યા ફાળવવામાં આવી છે. હવે નેવી સત્તાવાળાઓએ પણ અહિ હેડક્વાર્ટર માટે જગ્યાની માંગણી કરી છે.

એરફોર્સ દ્વારા ગાંધીનગર ખાતે પશ્ચિમ ભારતનું તાલિમ ભવન બનાવવાની પણ ગતિવિધિ હાલ ચાલુ છે.



આ નગરની રચના પછી આ નગરની કલ્પનાને લઈ પણ રાજકીય નેતાઓએ જુદી જુદી ઓળખ આપવા માટેના પ્રયાસો કર્યા છે. પ્રદૂષણ મુક્ત પાટનગરની કલ્પના પ્રથમ ઈંટ મુકાઈ ત્યારથી ૮૦ના દાયકા સુધી ચાલી હતી. આ પછી ગાંધીનગર તરીકે ઓળખાતા પાટનગરને ગ્રીન ગાંધીનગર બનાવવાની કલ્પના મહામહીમ રાજ્યપાલ શ્રી ત્રિવેદી સાહેબે રજુ કરી હતી. તો આ પછી સરકારે આ નગરને ગ્રીન ગાંધીનગરની સાથે સાથે ફૂલોની નગરી તરીકે વિકસાવવાનો સંકલ્પ કર્યો હતો. સોલાર સીટી ગાંધીનરના મુખ્ય માર્ગોની આસપાસ અને રોડ ડિવાઈડરો પર રંગબેરંગી પુષ્પના છોડની વાવણી થઈ હતી. આ ફૂલ છોડ પર ઉગેલા ફૂલો હવે તેમની સુંદરતાને રોડ પર નિખારી રહ્યા છે. આ ફૂલોને જોતાં પેલી પંક્તિઓ યાદ આવી જાય છે 'વાયરો કહે તેમ ઉડવાનું આમ તેમ...વાયરાનું ઠેકાણું શું...' બસ આવી જ હાલત માર્ગોને શોભાવતા આ પુષ્પોની વેદના છે. **(તસવીર : દિપક જાની)**

## પેટા ચૂંટણીમાં પ્રચાર પડઘમ આજે શાંત પડશે

અમદાવાદ,તા. ૩૦

ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેટકો માટે ૨જી જૂનના રોજ યોજાનારી પેટાચૂંટણીના પ્રચાર પડઘમ આવતીકાલે શુક્રવારે સાંજે શાંત થઈ જશે. આ તમામ છ બેઠકો પર અગાઉ કોંગ્રેસનો કબજો હોવાથી કોંગ્રેસ માટે આ બેઠકો જાળવી રાખવો એ નાકનો સવાલ થઈ ગયો છે જ્યારે ભાજપે મુખ્યમંત્રી મોદીની લોકપ્રિયતાના જોરે કોંગ્રેસની આ છ પૈકી વધુમાં વધુ બેઠકો આંચકી લેવના મરણિયા પ્રયાસો કર્યા છે તેમ છતાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં મતદારો મોટી સંખ્યામાં મત આપવા નીકળશે નહિં તેવો ડર બંને રાજકીયપક્ષોને સતાવી રહ્યો છે ત્યારે ચૂંટણીપંચે પણ મહત્તમ મતદાન થાય તે માટે મતદાર જાગૃત્તિના કાર્યક્રમો સહિત જુદા જુદા સકારાત્મક પ્રયાસો હાથ ધર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જે રીતે લોકસભાની પોરબંદર અને બનાસકાંઠા તથા વિધાનસબાની મોરવાહડફ, લીંબડી, જેતપુર અને ધોરાજીની તમામ સ્વહસ્તક બેઠકો જાળવી રાખવા કોંગ્રેસે માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહ્યો છે તેવી જ રીતે વડાપ્રધાનપદના ઉમેદવારની સ્પર્ધામાં અગ્રેસર રહેલા નરેન્દ્ર મોદી માટે પણ આ પેટાચૂંટણીમાં ભાજપનો વાવટો ફરકાવવો અનિવાર્ય બનીગ યો છે અને તેમાં પમ પાસ કરીને લોકસબાની બંને બેઠકો તો કોઈ પણ ભોગે જીતવી પડશે તો જ તેઓ લોકસભાની ૨૦૧૪માં આવનારી સામાન્ય ચૂંટમીમાં ભાજપને વધુ બેઠકો અપાવી શકાશે તેવી મજબૂત છાપ નરેન્દ્ર મોદી ઉભી કરી શકશે. જો લોકસભાની આ બે બેઠકો પૈકી એક પણ બેઠક ભાજપ હારી જશે તો તેમની ચૂંટણી જીતાડવાની કાબેલિયત પર પ્રશ્નાર્થ લાગી જશે અને તેનો ભરપુર લાભ ભાજપમાં જ છુપાયેલા મોદીના વિરોધીઓ ઉઠાવશે.

PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY
SCHOOL OF LIBERAL STUDIES
BUILDING INTELLECTUAL CAPITAL
Recognized by UGC

ADMISSIONS OPEN
MAY 15th - JUNE 20th, 2013

B.A. (Hons.)
• Economics
• Environmental Studies
• English Literature
• Public Administration
• Psychology
• International Relations

B.B.A. (Hons.)
• Marketing
• HR
• Finance

B.Com (Hons.)
• Accounting and Finance
• International Business
• Banking and Insurance
• Marketing and Management

UNIQUE CURRICULUM • INTERNATIONAL EXCHANGE • WORLD CLASS CAMPUS • UNMATCHED PEDAGOGY

Gandhinagar Seminar & Counselling Session
Saturday June 1, 2013, 10:30 a.m - 12:30 p.m.
Fortune Haveli Inn, Sector 11, Gandhinagar.

ADMISSIONS OPEN FOR
M.A. (English Literature), M.A. (Public Administration and Policy), and M.A. (International Relations).

For more details visit www.sls.pdpu.ac.in

www.facebook.com/slspdpu

Raisan, Gandhinagar - 382 007. Gujarat, INDIA. Ph. : +91 79 23275230, 23275231, 23275229